

બેફામ ગતિએ શટલીયા જીપોના ચાલકોની અવારનવાર ફરિયાદો આવતી જ રહે છે. સોલા બ્રીજ પર જાણીતા ઈવેન્ટ મેનેજમેન્ટ કન્સલન્ટ, પ્રવક્તા, ઉદ્દઘોષક હરદ્વાર ગોસ્વામીની કારને પુરપાટ ઝડપે આવતી તુફાન ગાડીએ જોરદાર ટક્કર મારી જેને કારણે હરદ્વારજીએ કાબુ ગુમાવતા તેમની કાર ડીવાઈડર પર ચઢી ગઈ હતી. સદ્નસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ કારને ખાસ્સુ નુકશાન થયું હતું. જ્યારે તુફાન ચાલક ટક્કર મારી ભાગી ગયો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-૨૪ ઈન્દિરાનગરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા હવે હલ થશે

## સેક્ટર-૨૪ના હરસિદ્ધનગર અને ઈન્દિરાનગર વિસ્તારમાં ગટર લાઇનની સમસ્યાને ડામવા ટૂંકમાં કામ શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૧

શહેરના સેક્ટરોમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા આમ નાગરિકો માટે શિરદર્દ સામાન બની છે. સે-૨૪ માં સ્થિત ઈન્દીરાનગર અને હરસિદ્ધનગરમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવવાની સમસ્યાએ અજગરભરડો લીધો હતો. જેના પરિણામે સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા હતા. આ સ્થિતિને ધ્યાને લઈ સેક્ટરમાં ૧૨.૫૦ લાખના ખર્ચે ગટરલાઈનનું જરૂરી કામ હાથ ધરવામાં આવશે. જેના પરિણામે ગટરો ઉભરાવવાની સમસ્યાનું નિરાકરણ આવશે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવવાની સમસ્યા પેચીદી બની છે. શહેરના સેક્ટરોમાં છાસવારે ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો ઠવા પામી છે. સેક્ટરની શેરીઓમાં ઉભરાતા ગટરના દુષિત પાણીના લીધે ગંદકી ખદબદતી હોવાનો કકળાટ પણ -વર્તે છે. એક બાજુ આ સમસ્યાને ડામવા તંત્ર પાસે પર્યાપ્ત મેનપાવર તેમજ જરૂરી અદ્યતન સાધનો નો અભાવ વર્તાય રહ્યું છે. બીજી તરફ શહેરની વધતી વસ્તી અને વિકાસ મુજબ ગટર લાઈનની ક્ષમતા વધારી નવીનીકરણ હાથ ધરવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. સે-૨૪ માં સ્થિત ઈન્દીરાનગર અને હરસિદ્ધનગરમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવવાની સમસ્યાના લીધે સ્થાનિકો તોબા પોકારી ગયા છે. આ સ્થિતિને ધ્યાને લઈ સેક્ટરના કોર્પોરેટર સુરેશ મહેતા તેમજ -વિણાબેન દરજી દ્વારા આ વિસ્તારમાં ગટરલાઈનનું જરૂરી કામ હાથ ધરવા રજૂઆત કરવામાં આવી હતી. જેના અંતે પા.યો.વી તંત્ર દ્વારા આ વિસ્તારમાં નવી ગટર લાઈન નાંખવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૨૪ માં સ્થિત ઈન્દીરાનગર અને હરસિદ્ધનગર ઉપરાંત સે-૨૧ અને આદીવાડા ગામમાં પણ નવી ગટર લાઈનો નાંખવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ.૨૨ લાખનો ખર્ચ થશે. ટૂંકમાં ગટરલાઈનની કામગીરી હાથ ધરાશે. જેના લીધે સે-૨૪ માં ગટરો ઉભરાવવાની વર્ષો જૂની સમસ્યાનો અંત આવશે.

## ભાજપ યુવા મોરચા દ્વારા રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા, ગાંધીનગર મહાનગર દ્વારા રકતદાન શિબિરના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા, ગાંધીનગર મહાનગરના મહામંત્રી ધવલ દવે અને મયુર પટેલે જણાવ્યું છે કે ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષની માફક બલિદાન દિનની ઉજવણી નિમિત્તે રકતદાન શિબિર કેમ્પનું આયોજન શ્રી કમલમ, સેકટર-૨૧ ખાતે તારીખ ૨૪-૬-૨૦૧૪ ને મંગળવાર સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાકે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, યુવા મોરચાના યુવાનો ગાંધીનગરના નાગરિકો દ્વારા રકતદાન કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર ભાજપાના અધ્યક્ષ નીતનભાઈ પટેલ તથા પ્રદેશ યુવા મોરચાના કોષાધ્યક્ષ અને ગાંધીનગર યુવા મોરચાના પ્રભારી ડૉ. ઋત્વિજ પટેલની ઉપસ્થિતિમાં રકતદાન કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં રકતદાન કરવા અપીલ કરવામાં આવી છે.



નગરની મોટી ગણાતી બીલ્ડીંગોમાં ઠેર ઠેર ગંદકીના અને કચરાના ઢગલા જોવા મળતા રહ્યા છે. આવું જ દશ્ય સેક્ટર-૧૧ સ્થિત સુમનસીટી ખાતે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે. કોણ જાણે સફાઈ માટે બિલ્ડરો અને દુકાનધારકો શા કારણે આળશ કરી રહ્યા છે એ સમજાતુ નથી. ચોમાસા દરમ્યાન આવી ગંદકીના કારણે જ રોગો ઉદ્દ્ભવી શકે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગર બિલ્ડર્સ એસોસિએશનના હોદ્દેદારો નિમાયા

તાજેતરમાં ગાંધીનગર બિલ્ડર્સ એસોસિએશનની વાર્ષિક સાધારણ



સભા એસોસિએશનની ઓફિસ ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે જયંત સેલડીયા, ઉપપ્રમુખ તરીકે પ્રકાશ પટેલ, સેક્રેટરી તરીકે યોગેશ પટેલ, ખજાનચી તરીકે જશુ પટેલ, જોઈન્ટ સેક્રેટરી તરીકે કિરણ પટેલ, એજ્યુકેટીવ મેમ્બર તરીકે નિલેશ પટેલ, પ્રમુખ પટેલ, પ્રવિણ પટેલ, સુરેશ પટેલ, દિલીપ પટેલ, વિક્રાંત પુરોહિત, બિપિન પટેલ અને ગૃપ એડવાઈઝરી કમિટીમાં એમ.ડી. પટેલ, જગત કારાણી, વિપુલ પટેલ, નિલય દેસાઈ અને હસમુખભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.

# શહેરમાં તસ્કરરાજ : સેક્ટર-૯માં કોસ્ટગાર્ડ કમાન્ડન્ટના બંગલે તસકરોનો હાથફેરો

## મકાનની દીવાલને બાકોરું પાડી દાગીના તથા રોકડ મળીને ૬૦ હજારની મત્તા સાફ કરી તસકરો પલાયન : ઘરફોડિયા બેફામ બનતા રહીશોમાં ફફડાટ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં તસ્કરોએ છેલ્લા અઠવાડિયામાં રીતસરનો આતંક મચાવી મુક્યો છે. પોલીસના પેટ્રોલિંગની કામગીરીની ઐસી કિ તૈસી કરીને તસ્કર ટોળકી પાટનગરને ધમરોળી રહી છે. એક જ અઠવાડિયામાં ત્રણ-ત્રણ મોટી ઘરફોડ કરીને તસ્કરોએ ગાંધીનગરમાં તસ્કરરાજ ઉભું કરી દીધું છે. સે-૪ અને સે-૮ માં દિનદહાડે ઘરફોડ થયા ઉપરાંત સે-૯ માં રહેતા કોસ્ટગાર્ડ કમાન્ડન્ટના મકાન માં તસ્કર ટોળકીએ હાથફેરો કર્યો હોવાનું બહાર આવ્યું છે. મકાનની દિવાલમાં બાકોરું પાડીને તસ્કરો અંદર ઘુસી ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ.૬૦ હજારની મત્તા સાફ કરી ફરાર થઈ ગયા હતા. સે.૭ પોલીસને અધિકારીએ જાણ કરતા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

શહેરના સે-૯ ખાતે સ્થિત જી-૧ ટાઈપ માં મકાન નં.૨૫૧માં રહેતા -શાંતભાઈ પોપટરાવ ગોજરે ઉદ્યોગભવન ખાતે આવેલી કોસ્ટગાર્ડ ઓફિસમાં કમાન્ડન્ટ તરીકે ફરજ બજાવે છે. તેમના બંધ મકાનને ઘરફોડીયાઓએ નિશાન બનાવી મુક્યું હતું. મકાનની દિવાલમાં નાનકડું વેન્ટીલેટર જેટલું બાકોરું પાડીને અંદર ઘુસી તસ્કરોએ તિજોરીમાં હાથ માર્યો હતો. મકાનમાં ઘૂસીને ઘરફોડ કરી જનાર ઘરફોડિયાઓ ચાંદીની ૮ જોડી પાયલ, ૮ ચાંદીના સિક્કા સહિતના દાગીના, મોબાઈલ, કમરબંધ, ૪૫ અમેરિકન ડોલર અને રોકડા રૂ.૧૩,૮૦૦ મળીને કુલ રૂ.૬૦,૨૦૦ ની મત્તા સાફ કરી ગયા હતા. આ અંગે સે-૭ પોલીસ ને જાણ કરતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્કવોડ અને એફએસએલની મદદ લઈ તપાસ શરુ કરી છે.




### ફરીથી શુભારંભ ક્યારે થશે ?

ગાંધીનગર-ચિલોડા હાઈવે પર આવેલી બી.એસ.એફ. કેમ્પ પાસે એસ.બી.આઈ. બેન્ક દ્વારા એ.ટી.એમ. મુકવામાં આવ્યું છે. જેને થોડા સમય પહેલા તસ્કરો દ્વારા તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારથી આજ સુધી આ એ.ટી.એમ.ને શરૂ કરવામાં આવ્યુ નથી. અહિંયા નજીક નજીકમાં ત્રણ કેમ્પ આવેલા છે. જવાનોને આ એ.ટી.એમ. આશીર્વાદરૂપ હતુ, પરંતુ આ એ.ટી.એમ. ક્યારે શરૂ થાય છે તે જોવાનું રહે છે. સુત્રોના જણાવ્યા મુજબ એવુ કહેવાય છે કે હવે આ એ.ટી.એમ.ને કેમ્પની અંદર લઈ જવામાં આવશે પરંતુ જો આવુ થશે તો હાઈવે પરથી પસાર થતા લોકોને આનો લાભ મળશે નહિ. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# અંબાપુર ગામમાં ખુલ્લેઆમ જુગાર રમતા ૫ શખ્સો ઝડપાયા

## ૬,૫૧૦નો મુદ્દામાલ જપ્ત કરી પાંચેયની ધરપકડ : અડાલજ પોલીસનો દરોડો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક સ્થિત અંબાપુર ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસની ટીમે ગઈ મોડી સાંજે દોરોડો પાડ્યો હતો. ખુલ્લામાં જુગાર રમતા પાંચ શખ્સો પોલીસના સકંજામાં આવી ગયા હતા. પોલીસે રૂ.૬,૫૯૦ નો મુદ્દામાલ જુગાર સ્થળેથી જપ્ત કરી લઈને પાંચેય શકુનીઓની ધરપકડ કરી લીધી છે. પાંચેય સામે જુગારધારા અંતર્ગત ગુનો નોંધીને અડાલજ પોલીસે ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

અડાલજ પોલીસને ગઈ કાલે સાંજે બાતમી મળી હતી કે અંબાપુર ગામમાં કેટલાક લોકો ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા છે. જેને આધારે અડાલજ પોલીસની ટીમ બાતમી વાળા સ્થળે અંબાપુર ગામમાં પહોંચી ગઈ હતી. ત્યાં ખુલ્લામાં પાંચ શખ્સો તીન પત્તીની બાજી માંડીને બેઠા હતા. પોલીસની ટીમે દરોડો પાડતા દોડધામ મચી જવા પામી હતી. પોલીસની ટીમે કોર્ડન કરીને જાહેરમાં જુગાર રમી રહેલા અમીયાપુર ગામના શંકર છગન ઠાકોર, કાળા બચું ઠાકોર, બુધા ઠાકોર, સુઘડના ભરત ફકીર ઠાકોર અને ડી-કેબીનના સંજય દેવા સોલંકી મળીને પાંચ શખ્સોને રંગેહાથ ઝડપી પડ્યા હતા. તેમની પાસેથી રોકડ રૂ.૩૫૧૦ અને મોબાઈલ મળીને રૂ.૬,૫૧૦ નો મુદ્દામાલ મળી આવતા પોલીસે મુદ્દામાલ કબજે લઈ પાંચેય સામે ગુનો દાખલ કરીને ધરપકડ કરી લીધી છે.

# સેક્ટર-૨૮/૨ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

## શહેરી વિકાસ સચિવ તથા શાસનાધિકારીએ બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૨૮માં આવેલી પ્રાથમિક શાળા નં. ૨ માં શનિવાર સવારે અભ્યાસક્ષેત્રે જીવનનું પ્રથમ પગલુ ભરતા ભુલકાઓને શહેરી વિકાસ હાઉસિંગ પ્રોજેક્ટના સચિવ તથા શાસના ધિકારીએ પ્રવેશ કરાવી આવકાર્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રસંગો પણ યોજાયા હતા. જેમાં શાળાનો કર્મચારીગણ, વાલીઓ તથા એસ.એચ.સી.ના સભ્યો હાજર રહ્યા હતા.

શહેરમાં સરકારી શાળાઓમાં પ્રવેશોત્સવ ધામધૂમપૂર્વક થઈ રહ્યા છે. જે અન્વયે સેક્ટર-૨૮/૨ની પ્રાથમિક શાળામાં શનિવારના રોજ પ્રવેશોત્સવ ઉમંગ અને ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગયો. શહેરી વિકાસ હાઉસિંગ પ્રોજેક્ટના સચિવ મોનાબેન ખંધાર તથા શાસનાધિકારી નીપાબેન પ્રસંગોચિત પધાર્યા હતા. જેઓનું શાળાના બાળકોએ ફુલછડી અને પુસ્તક અર્પણ કરી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ બાળકોએ યોગ, શંખ મુદ્રા, આંખોનું પરિભ્રમણ, વ્રજાસન કરી કર્યો હતો. બાળકોએ મનુષ્ય તુબડા મહાન પાર્થના તથા સંસ્કૃતમાં દેશભક્તિગીત રજુ કરી પ્રસંગને દિપાવ્યો હતો.

શહેરી વિકાસ સચિવ તથા શાસનાધિકારીએ ધો. ૧માં પ્રવેશ મેળવતા બાળકોને ચંદનનું તિલક કરી મોં મીઠું કરાવી દફતર, પુસ્તક વગેરે આપી શાળામાં આવકારી પ્રવેશ કરાવ્યો હતો. કુલ ૧૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી અભ્યાસ શરૂ કર્યો હતો. આ પ્રસંગે ધો. ૯ના બાળકોનું પણ પુસ્તક આપી સન્માન કર્યું હતું અને ધો. ૩ થી ૮ના બાળકો પૈકી પ્રથમ ૧ થી ૩ નંબર પાસ થયેલા બાળકોનું પણ સન્માન કરાયું હતું. તો દાતાશ્રીઓને પણ ઉમંગભેર વધાવી તેમને પણ સન્માનવામાં આવ્યા હતા. ધો. ૮ના વિદ્યાર્થીએ અંગ્રેજીનું પ્રભુત્વ દર્શાવી જળ એ જ જીવન ઉપર અંગ્રેજીમાં વ્યક્તવ્ય આપ્યું હતું.

આ પ્રસંગે સે. ૨૧ સીઆરસી જશોદાબેન, સીઆરસી પ્રકાશભાઈ પટેલ, શાળાનો શિક્ષણગણ, એસ.એમ.સી. ના સભ્યો, એસ.ટી.સી.ના ઉષાબેન મહેતા તથા વાલીઓ હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય રીટાબેન વિહોલે તમામ સંચાલન તથા આભારવિધિ કરી હતી. અંતમાં ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી વિદાય લીધી હતી.



ચોમાસુ માથે છે ત્યારે ચિલોડા સર્કલ સર્વિસ રોડ પર જમા થયેલા કચરાને તંત્ર દ્વારા સાફ કરવામાં આવી રહ્યો છે. રોડ પર રોજનો ખાસ્સો કચરો એકઠો થાય છે. જેના કારણે નાના-નાના નાળા ભરાઈ જાય છે. પરિણામે ગટરો ઉભરાવવાની સમસ્યા ઉભી થાય છે. ત્યારે તંત્ર દ્વારા પ્રિ-મોન્સુનના ભાગરૂપે જે.સી.બી. મશીન દ્વારા કચરો હટાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭

સૂર્યાસ્ત : ૭.૨૬

### તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૪૧ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

હમશકલ : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હમશકલ : ૧૨.૩૦

હોલીડે : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૭.૦૦

હોલીડે : ૭.૦૦

હમશકલ : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

હમશકલ : ૧૦.૦૦

મછલી જલ કી રાની હૈ : ૪.૦૦

ફગલી : ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

હમશકલ : ૧૦.૦૦

હોલીડે : ૧૨.૪૫

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦,૧.૧૫,૬.૦૦,૮.૧૫

ફિલ્મીસ્તાન : ૩.૩૦

હોલીડે : ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

: સ્ક્રીન-૩ :

હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સૂર્યા સિનેમા (વાવોલ)**

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

હમશકલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હમશકલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

● સ્વ. કસ્તુરબેન કાનજીભાઈ ગોહિલ (ઉ.વ. ૧૦૦) ૫, સમર્પણ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેક્ટર-૨૫, ગાંધીનગર.